# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

**હિસાબી અધિકારી/ વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૨ (જાહેરાત ક્રમાંક: ૩૭/૨૦૧૬-૧૭) ની લેખિત મુખ્ય પરીક્ષાના ઉમેદવારો માટે**

૧.હિસાબી અધિકારી/ વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૨ (જાહેરાત ક્રમાંક: ૩૭/૨૦૧૬-૧૭) ની જગ્યાઓની તા.૨૨/૦૧/૨૦૧૭ ના રોજ લેવાયેલ પ્રાથમિક કસોટીમાં સફળ થયેલ ઉમેદવારોનું કામચલાઉ પરિણામ તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર મૂકવામાં આવેલ છે.

૨.પ્રાથમિક કસોટીમાં કામચલાઉ ધોરણે સફળ થયેલ ઉમેદવારોએ **તા.૦૨/૦૭/૨૦૧૭ (રવિવાર), તા.૦૮/૦૭/૨૦૧૭ (શનિવાર) તથા તા.૦૯/૦૭/૨૦૧૭ (રવિવાર)** ના રોજ આયોગ દ્વારા યોજાનાર આ જગ્યાઓ માટેની લેખિત મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે. જે માટે ઉમેદવારોએ તા.૨૦/૦૫/૨૦૧૭ ના ૧૩:૦૦ કલાકથી તા.૦૫/૦૬/૨૦૧૭ ના ૧૩:૦૦ કલાક સુધીમાં આયોગની વેબસાઈટ https://gpsc-ojas.gujarat.gov.in પર લેખિત મુખ્ય પરીક્ષાનું " Online " અરજીપત્રક ભરવાનું રહેશે. સદરહુ પ્રાથમિક કસોટીમાં કામચલાઉ ધોરણે સફળ થયેલ ઉમેદવારોએ નીચે મુજબની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી તેનું પાલન કરવાનું રહેશે.

**(i) online અરજી કરવાની રીત** : અરજીપત્રક online ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર / સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની છે. આયોગની https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઇટ પર **"Main Exam Form/ Call letter"** પર **"Click"** કરવું. (ii) અહીં ઉમેદવારે પોતાની **"Select Job"** માં – "gpsc/20162017/37- **હિસાબી અધિકારી/ વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૨ "Select"** કરવું. (iii) ત્યારબાદ ઉમેદવારે પોતાનો **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઇપ કરવાના રહેશે. (iv) ત્યારબાદ **"OK"** બટન દબાવવું. ત્યારબાદ તમારા અરજીપત્રકની "Print Main Exam Form" દ્વારા પ્રિન્ટ આઉટ મેળવી લેવાની રહેશે અને ફક્ત બિનઅનામત ક્ષાના ઉમેદવારોએ "Post Office Challan" ની પ્રિન્ટ કાઢવાની રહેશે. (v) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ઉપર (iv) મુજબની કાર્યવાહી કરવા ઉપરાંત લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા અંગેની ભરવાની થતી ફી સંદર્ભે **"print postoffice challan"** ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ સાથે નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૨૦૦=૦૦ ફી + પોસ્ટલ ચાર્જિસ ભરવાનો રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. બિનઅનામત કક્ષાનાં ઉમેદવારોએ આ ચલણ તથા લેખિત મુખ્ય પરીક્ષાના અરજીપત્રકમાં માંગવામાં આવેલ દસ્તાવેજો સાથેનું લેખિત મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક જ્યારે અનામત કક્ષાનાં ઉમેદવારોએ ફક્ત લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા માટેના અરજીપત્રકની પ્રિન્ટેડ નકલ કાઢી, આ અરજીપત્રકમાં માંગવામાં આવેલ દસ્તાવેજોની નકલો સાથેનું લેખિત મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક આયોગની કચેરી **સેક્ટર - ૧૦/એ , છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર -૩૮૨૦૧૦** ખાતે તા.૧૨/૦૬/૨૦૧૭ ના ૧૮:૧૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે **રૂબરૂ અથવા પોસ્ટ** દ્વારા મોકલી આપવાનું રહેશે. (vi) પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા પછી જો **OJAS પરથી ફી મળ્યા બદલનો મેસેજ ન મળે તો તુરત જ જે પોસ્ટ ઓફીસમાં ફી ભરી હોય તે પોસ્ટ ઓફીસને તેની જાણ કરવી અને તે અંગેની સ્પષ્ટતા મેળવી લેવી.** (vii) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. **ફી ભરેલ નહી હોય તેવા ઉમેદવારને કોઇ પણ સંજોગોમાં લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.** આ ફી ફક્ત પોસ્ટ ઓફીસ દ્વારા જ સ્વીકારવામાં આવશે. **રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડીયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહીં.** જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

૩. લેખિત મુખ્ય પરીક્ષા ગાંધીનગર ખાતે યોજાનાર છે તેનો વિગતવાર કાર્યક્રમ , પરીક્ષા કેન્દ્રની વિગત, પ્રવેશપત્ર, સૂચનાઓ અંગેની વિગતો હવે પછી જણાવવામાં આવશે. દરમ્યાનમાં આયોગની વેબસાઇટ જોતા રહેવાનું સંબંધિત ઉમેદવારોને જણાવવામાં આવે છે.

૪. અરજીપત્રક સાથે જોડવાના પ્રમાણપત્રોના નમૂના જેવા કે (i) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-"ક" /પરીશિષ્ટ-"૪" (ગુજરાતીમાં) (ii) સા.વ.વિ.ના તા.૧/૧૨/૨૦૦૮ ના પરિપત્રથી નિયત થયેલ સુપ્રિ./સિવિલ સર્જને આપવાના થતા અશક્તતા અંગેના ફોટાવાળા તબીબી પ્રમાણપત્રનો નમૂનો આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in પર મૂકવામાં આવેલ છે. સંબંધિત ઉમેદવારોએ વેબસાઇટ ઉપર મૂકેલા નમૂના મુજબના પ્રમાણપત્રો મોકલવાના રહેશે. **અન્ય નમૂનાઓમાં મોકલેલ પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં. આ પ્રકારની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવતી હોવા છતાં, અનુભવે એમ જણાયેલ છે કે કેટલાક ઉમેદવારો દ્વારા આ અંગે પૂરેપૂરી ચોક્કસાઇ અને કાળજી રાખવામાં આવતી નથી અને તેથી તેમની અરજી રદ કરવી પડે છે/તેમની ઉમેદવારી રદ કરવી પડે છે. આ ક્ષતિનું પુનરાવર્તન ન થાય તેની પૂરેપૂરી કાળજી રાખવા દરેક ઉમેદવારને જણાવવામાં આવે છે.**

૫. ઉમેદવારે ફકત જાહેરાતમાં દર્શાવેલ જગ્યા /સેવા માટે જ પોતાની પસંદગી અનુસાર આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે પત્રકમાં રૂબરૂ મુલાકાત સમયે પોતાના સ્વહસ્તાક્ષરમાં જ પસંદગીક્રમ દર્શાવવાનો રહેશે. ઉમેદવાર જે જગ્યા /સેવા માટે પોતાની પસંદગીનો ક્રમ એક વખત દર્શાવી દે તે ક્રમ કાયમી ગણવામાં આવશે તથા તેમાં કોઈપણ પ્રકારના ફેરફાર, સુધારા – વધારા, અથવા ક્રમાંક બદલવાની વિનંતી કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ.

૬. જા.ક્ર.:૩૭-૨૦૧૬/૧૭ અંગેની અન્ય તમામ જોગવાઈઓ, શરતો અને સૂચનાઓ તા.૦૧/૦૮/૨૦૧૬ ના રોજ પ્રસિધ્ધ થયેલ વિસ્તૃત જાહેરાત પ્રમાણેની જ રહેશે.

૭. લેખિત મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ આયોગની ઉપર દર્શાવેલ વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે.

**નોંધ**:-(૧) ઉપરોક્ત પારા-૨ ની સૂચનાઓ અનુસાર નિયત સમયમર્યાદા દરમિયાન જે ઉમેદવારો Online અરજીપત્રકો ભરશે તેઓ જ મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. જેથી આ બાબતે ઉમેદવારના પક્ષે થયેલ ચૂક પરત્વે આયોગ દ્વારા પાછળથી કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૨) વિશેષમાં ઉમેદવારોને સૂચિત કરવામાં આવે છે કે, જેઓ તા.૧૨/૦૬/૨૦૧૭ ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં અરજીપત્રક અને બિડાણો/દસ્તાવેજો આયોગની કચેરી ખાતે રજૂ કરવાનુંચૂકશે તો તેઓ જો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હશે અને ગમે તેટલા ગુણ મેળવેલ હશે તો પણ તેઓને અપાત્ર જાહેર કરવામાં આવશે.

**અગત્યની સૂચના:** **સદરહુ જગ્યાના તા.૦૭/૦૯/૨૦૧૩ ના જાહેરનામાથી પ્રસિદ્ધ થયેલ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના નિયમ-૬(૧),(૨),(૩) માં પરીક્ષાના માધ્યમ તથા SECTION-III ની NOTE-5 માં દર્શાવેલ જોગવાઈ મુજબ પ્રશ્નપત્ર-૧ ગુજરાતી અને પ્રશ્નપત્ર-૩ સામાન્ય અભ્યાસનું માધ્યમ ગુજરાતી રહેશે અને પ્રશ્નપત્ર-૨ સામાન્ય અંગ્રેજીનું માધ્યમ અંગ્રેજી રહેશે જ્યારે પ્રશ્નપત્ર-૪ અને પ્રશ્નપત્ર-૫ નું માધ્યમ અંગ્રેજી અથવા ગુજરાતીનું રહેશે. આ તમામ પ્રશ્નપત્રો વર્ણનાત્મક પ્રકારનાં રહેશે જેની સર્વે ઉમેદવારોએ ખાસ નોંધ લેવા વિનંતી છે. તથા આયોગ દ્વારા ઉકત મુખ્ય પરીક્ષાના વેબસાઈટ પર તા.૦૫/૦૫/૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરેલ અભ્યાસક્રમમાં પ્રશ્નપત્ર-૩ સામાન્ય અભ્યાસનું માધ્યમ: ગુજરાતી/અંગ્રેજી દર્શાવેલ છે તે માત્ર ગુજરાતી વંચાણે લેવાનું રહેશે.**

તા.૨૦/૦૫/૨૦૧૭